પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૩) અંક નં. ૨૯૨ | ૨ જાન્યુઆરી, ૨૦૧૯, બુધવાર; માગશર વદ - ૧૨ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

## ન્યુઝ ટ્રેક

**ચંદ્રયાન-૨નું લોન્ચીંગ પાછળ ઠેલાયું**

ઈસરોએ કહ્યું છે કે આગામી ત્રણ જાન્યુઆરીના રોજ થનાર ચંદ્રયાન-૨નું લોન્ચીંગ હમણાં નહીં કરાય આ દરમિયાનમાં એવા સમાચાર આવ્યા છે કે ચીનનું અંતરીક્ષયાત્ર ચંદ્રમાની કક્ષા સુધી પહોંચી ગયું છે.

**અભિનેતા પ્રકાશ રાજ ચૂંટણી લડશે**

અભિનેતા પ્રકાશ રાજે ઘોષણા કરી છે કે ૨૦૧૯માં થનાર લોકસભાની ચૂંટણી તેઓ લડશે. સ્વતંત્ર ઉમેદવાર તરીકે કર્ણાટકથી તેઓ ચૂંટણી લડી શકે છે.

**સ્પેસ ક્રાફ્ટ અંતરીક્ષની સીમાઓ બહાર પહોંચ્યું**

નાસાનું અંતરીક્ષ યાન (સ્પેસ ક્રાફ્ટ) ન્યૂ હોરાઈઝન્સ નવા વર્ષે બ્રહ્માંડની અત્યાર સુધીની તમામ જાણીતી સીમાઓ પાર કરી ગયું છે. નાસાનું આ યાન પૃથ્વીથી ૬.૪ અબજ કિમી દૂર પહોંચી ગયું છે. આ યાન ધરતી અને વાયુમંડળના નિર્માણની જાણકારી એકઠી કરશે.

**રાહુલ અમેઠીના પ્રવાસે**

કોંગ્રેસના અધ્યક્ષ રાહુલ ગાંધી ચોથી જાન્યુઆરીથી અમેઠીના ચાર દિવસના પ્રવાસે જઈ રહ્યા છે. આ દરમિયાન કાપડ મંત્રી સ્મૃતિ ઈરાની પણ અમેઠીની મુલાકાતે હોઈ રાજકારણમાં ગરમાગરમી આવશે.

**ઉત્તરપ્રદેશમાં ગો કલ્યાણ સેસ લગાવાશે**

ઉત્તરપ્રદેશની કેબીનેટ બેઠકમાં પશુઓ માટે ગોશાળાના નિર્માણ સહિત વિવિધ યોજનાઓ માટે ઉત્તરપ્રદેશમાં હવે ૨ ટકા ગો કલ્યાણ સેસ લગાવાશે.

# મંદિર મુદ્દે વટહુકમ નહીં : મોદી

**કાયદાકીય પ્રક્રિયા પરિપૂર્ણ થતા પહેલા વટહુકમ નહી લાવવા નવા વર્ષના પ્રથમ ઇન્ટરવ્યુમાં મંદિર મુદ્દે મોદીની સાફ વાત : નોટબંધી ઝટકો હતો નહીં કારણ કે કાળા નાણાં ધરાવનાર લોકોને અમે એક વર્ષ પહેલા ચેતવણી આપી હતી : ચાર પેઢી શાસન કરનાર આજે જામીન પર**

નવી દિલ્હી,તા. ૧

અયોધ્યામાં રામ મંદિરના નિર્માણ માટે કરવામાં આવેલી માંગ વચ્ચે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આજે મંદિર મુદ્દે સ્પષ્ટ વાત કરીને આ અંગે ચાલી રહેલી અટકળોનો અંત આણી દીધો હતો. વર્ષ ૨૦૧૯ના પ્રથમ દિવસે પ્રથમ ઈન્ટરવ્યુમાં મોદીએ રામમંદિર, નોટબંધી, ભ્રષ્ટાચાર અને આરબીઆઈના ગવર્નર ઉર્જિત પટેલ સહિત જુદા જુદા વિષય પર સ્પષ્ટ વાત કરી હતી. સાથે સાથે કોંગ્રેસ પાર્ટી પર તેજાબી પ્રહારો કર્યા હતા. રામમંદિરના મુદ્દે મોદીએ કહ્યુ હતુ કે રામમંદિરના નિર્માણના મામલે કોઈ પણ વટહુકમ તમામ કાયદાકીય પ્રક્રિયા પૂર્ણ કરવામાં આવ્યા બાદ જ લાવવામાં આવશે. કાયદાકીય પ્રક્રિયા વચ્ચે કોઈ વટહુકમ લાવવાની અટકળોને મોદીએ ફગાવી દીધી હતી. તેમણે કહ્યુ હતુ કે રામ મંદિરના મુદ્દા પર વિલંબ થઈ રહ્યો છે. તેના માટે કોંગ્રેસ પાર્ટી જવાબદાર છે. મોદીએ સાફ શબ્દોમાં કહ્યુ હતુ કે રામમંદિરના મુદ્દે કોંગ્રેસ પાર્ટીના વકીલ સુપ્રીમ



કોર્ટમાં અડચણો ઉભી કરી રહ્યા છે. જેથી રામમંદિરના નિર્માણ મામલે સુનાવણી ધીમી ગતિથી આગળ વધી રહી છે. રામમંદિર હજુ પણ ભાજપ માટે ઈમોશનલ મુદ્દો છે તે અંગે પુછવામાં આવતા મોદીએ કહ્યુ હતુ કે અમે અમારા ચૂંટણી ઢંઢેરામાં સાફ શબ્દોમાં કહી ચુક્યા છીએ કે આ મુદ્દાનો ઉકેલ બંધારણીય રીતે જ લાવવામાં આવનાર છે. ભાજપે લોકસભા ચૂંટણીના પોતાના ઘોષણાપત્રમાં સાફ શબ્દોમાં કહ્યુ હતુ કે તે રામ મંદિરનુ નિર્માણ ઈચ્છે છે. છેલ્લા કેટલાક સમયથી ભાજપ અને અન્ય હિન્દુ સંગઠનો દ્વારા રામમંદિર નિર્માણ માટેની માંગ કરવામાં આવી રહી છે. મોદીએ નવા વર્ષના પ્રથમ દિવસે વ્યાપક ઈન્ટરવ્યુ આપ્યુ હતુ. જેમાં વિવિધ વિષય પર વાત કરી હતી. આ વાતચીતમાં મોદીએ કહ્યુ હતુ કે નોટબંધી કોઈ ઝટકો ન હતો. અમે એક વર્ષ પહેલા જ લોકોને ચેતવણી આપી ચુક્યા હતા કે જો આપની પાસે કોઈ કાળા નાણાં છે તો તેઓ સ્વૈચ્છિક રીતે જમા કરી શકે છે.

● અનુસંધાન પાન-૭ પર

# ટોપ ફોર્મ્યુલા દ્વારા ખેડુતોની આવકને વધારવાની યોજના

**ટામેટા, ડુંગળી ,બટાકા માટે ૨૪ ક્લસ્ટર બનશે : ત્રણેય ઉચ્ચ પ્રાથમિકતાવાળી કૃષિ પેદાશ માટે ખાસ ટ્રેડ મેપ શરૂ કરવાની હિલચાલ : ખેડુતોને યોગ્ય કિંમત મળશે**

નવી દિલ્હી,તા. ૧

વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં એનડીએ સરકાર ખેડુતોની સમસ્યાને વહેલી તકે ઉકેલવા માટે નાણાંકીય પેકેજની જાહેરાત કરી શકે છે તેવા અહેવાલ વચ્ચે કેન્દ્રિય કૃષિ મંત્રાલય કેટલાક નવા પગલા લેવાની તૈયારીમાં છે. ટોપ ફોર્મ્યુલાથી ખેડુતોની આવકને વધારી દેવા માટે ખાસ યોજના તૈયાર કરવામાં આવી રહી છે. ટોપ એટલે કે ટામેટા, ડુંગળી અને બટાકા માટે ૨૪ ક્લસ્ટરની સ્થાપના કરીને આ ત્રણ ઉચ્ચ પ્રાથમિકતાવાળી કૃષિ પેદાશો માટે ખાસ ટ્રેડ મેપ શરૂ કરવાની પ્રક્રિયા પણ હાથ ધરવામાં આવનાર છે. આની પાછળનો હેતુ એ છે કે ખેડુતોને ટુંક સમયમાં જ બગડી જતચી આ ત્રણ પેદાશોની યોગ્ય કિંમત મળી શકશે. આના માટે ખેડુતોને સ્થાનિકની સાથે સાથે આંતરરાષ્ટ્રીય બજારની સાથે પણ

● અનુસંધાન પાન-૭ પર

# બોલિવુડના લોકપ્રિય અભિનેતા કાદર ખાનનુ અવસાન

મુંબઈ,તા. ૧

બોલિવુડના દિગ્ગજ અભિનેતા કાદરખાનનુ લાંબી માંદગી બાદ ૮૧ વર્ષની વયમાં અવસાન થયુ છે. તેમની તબિયત હાલમાં ખરાબ હતી. તેમને વેન્ટીલેટર પર રાખવામાં આવ્યા હતા. તેમને શ્વાસ લેવામાં તકલીફ પડી રહી હતી. કાદરખાનના અવસાનથી

**છેલ્લા કેટલાક સમયથી કાદર ખાન બિમાર ચાલી રહ્યા હતા : છેલ્લે વર્ષ ૨૦૧૫માં આવેલી ફિલ્મ દિમાગ કા દહીમાં કાદરખાન દેખાયા હતા : દાગની સાથે કેરિયરની શરૂઆત કર્યા બાદ ૩૦૦ ફિલ્મોમાં કામ કર્યુ**

બોલિવુડમાં અને તેમના ચાહકોમાં આઘાતનુ મોજુ ફરી વળ્યુ હતુ. કાદર ખાને ૩૦૦થી વધારે ફિલ્મોમાં કામ કર્યુ હતુ. સાથે સાથે ૨૫૦થી વધારે ફિલ્મોમાં સંવાદ લખ્યા હતા. અભિનેતા કાદરખાને જે



● અનુસંધાન પાન-૭ પર

# ચાબહાર પોર્ટના સંચાલનની જવાબદારી ભારતે સંભાળી : પાક-ચીનને ફટકો

ન્યુ દિલ્હી,તા.૧

સામરિક દ્રષ્ટીથી મહત્વપૂર્ણ મનાતા ઈરાનના દક્ષિણ-પૂર્વ તટ પર સ્થિત ચાબહાર પોર્ટના સંચાલનની જવાબદારી ભારતે સંભાળી



લીધી છે. ચાબહાર પોર્ટને લઈને ભારત, ઈરાન અને અફઘાનિસ્તાન વ્યાપાર સહિતના મુદ્દાઓ પર રાજી થઈ ગયા છે. આને સામરિક દ્રષ્ટિથી પાકિસ્તાન અને ચીન માટે ભારતનો જડબાતોડ જવાબ માનવામાં આવી રહ્યો છે.

૧૯૪૭માં દેશના વિભાજન બાદ આખા મધ્ય-પૂર્વ, મધ્ય એશિયા અને યૂરોપથી ભૌગોલિક રીતે અલગ થયેલા ભારતે આ દૂરીને ખતમ કરવાની દિશામાં અત્યારસુધીની સૌથી મોટી સફળતા પ્રાપ્ત કરી છે. ભારત, ઈરાન અને અફઘાનિસ્તાન ત્રણેય દેશોની ચાબહાર સમજુતીના ક્રિયાન્વયન સંબંધિત સમિતિની ગત દિવસોમાં ચાબહારમાં પહેલી બેઠક થઈ હતી. આ દરમિયાન ઈરાને સંચાલનની કમાન ભારતને સોંપી હતી.

આ પોર્ટના વિકાસ માટે ૨૦૦૩માં જ સમજુતી થઈ ગઈ હતી. ચાબહાર પોર્ટ ભારત માટે સામરિક અને વ્યાપારી બંન્ને દ્રષ્ટીએ મહત્વપૂર્ણ છે. આના બન્યા બાદ સમુદ્રી રસ્તાથી ભારત ઈરાનમાં દાખલ થઈ જશે અને આના દ્વારા અફઘાનિસ્તાન અને મધ્ય એશિયા સુધીના બજારમાં ભારતીય કંપનીઓ અને વ્યાપારીઓના રસ્તા ખુલ્લા થઈ જશે.

# તો અમે શાંતિનો માર્ગ છોડીશું : કિમ જોંગ

પ્યોંગયાંગ,તા.૧

ઉત્તર કોરિયાના નેતા કિમ જોંગ ઉને ધમકી આપી છે કે જો અમેરિકા પ્રતિબંધ દ્વારા દબાણ કરવાનું ચાલુ રાખશે તો ઉત્તર કોરિયા પોતાનું વલણ બદલવા પર વિચાર કરી શકે છે. કિમે મંગળવારે પોતાના નવા વર્ષના સંબોધનમાં આ વાત કરી. કિમે કહ્યું કે અમેરિકાએ જો દુનિયા સામે અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પની સાથે સિંગાપુરમાં ગત જૂન મહિનામાં થયેલી શિખર વાર્તાનો હવાલો આપતા કહ્યું કે તેના વાસ્તવિક અર્થને લઈને ચાલી રહેલી ચર્ચાને કારણે તે ખોરંભે છે.

અત્રે ઉલ્લેખનીય છે કે ગઈ સાલ ૧૨ જૂનના રોજ ઉત્તર



**જો અમેરિકા પ્રતિબંધો નહીં હટાવે તો માર્ગ છોડીશું : વર્ષની શરૂઆતમાં જ તાનાશાહની અમેરિકાને ધમકી**

આપેલા વચનોને પૂરા ન કર્યા અને અમારા દેશ વિરુદ્ધ પ્રતિબંધ અને દબાણ વધારતું રહ્યું. તો અમારી પાસે અમારી સંપ્રભુતા તથા હિતોની રક્ષા માટે કોઈ નવો રસ્તો શોધવા સિવાય બીજો કોઈ વિકલ્પ નહીં રહે.

ઉત્તર કોરિયાઈ નેતાએ વાતચીત સફળ રહી અને રચનાત્મક વિચારોનું આદાનપ્રદાન થયું. તે દરમિયાન બંને નેતાઓએ કોરિયાઈ પ્રાયદ્વિપના પરમાણુ નિરસ્ત્રીકરણના કરાર પર હસ્તાક્ષર કર્યા હતાં. પરંતુ વોશિંગ્ટન અને પ્યોંગયાંગ વચ્ચે કોરિયાના વડા કિમ જોંગ ઉન અને અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ વચ્ચે સિંગાપોરમાં પ્રથમ વખત શાંતિ મંત્રણા થઈ હતી અને તેમાં એવી સંમતિ સધાઈ હતી કે ઉત્તર કોરિયા પોતાના પરમાણુ કાર્યક્રમને બ્રેક મારી દેશે.

● અનુસંધાન પાન-૭ પર

# ચાર મહિના બાદ ગોવાના સીએમ પર્રિકર કાર્યાલય પહોંચ્યા



પણજી,તા.૧

બીમાર ચાલી રહેલા ગોવાના મુખ્યમંત્રી મનોહર પર્રિકર છેલ્લા ચાર મહિનામાં પ્રથમવાર મંગળવારે નવા વર્ષના અવસર પર સચિવાલય પહોંચ્યા હતા. ૬૩ વર્ષીય પર્રિકર સ્વાદુપિંડ સંબંધિત રોગની બીમારીના કારણે લાંબા સમયથી ઓફિસ આવી શક્યા ન હતા. તેમણે ગત વર્ષે અમેરિકા અને મુંબઈની ખાનગી હોસ્પિટલોમાં સારવાર લીધી હતી.

આ પહેલાં તેઓ સારવાર માટે મુંબઈ જવા પહેલાં ઓગસ્ટ ૨૦૧૮માં કાર્યાયલ આવ્યા હતા. સૂત્રોએ જણાવ્યું કે મુખ્યમંત્રી તબીબી ઉપકરણો સાથે વહેલી સવારે લગભગ ૧૦.૪૫ વાગ્યે સચિવાલયના મુખ્ય પ્રવેશદ્વાર પર પોતાની કારથી આવ્યા હતા.

પરિસર બહાર હાજર ભાજપા કાર્યકર્તાઓએ પર્રિકરના આગમન પર તેમના સ્વાગતમાં નારા લગાવ્યા હતા. વિધાનસભા અધ્યક્ષ પ્રમોદ સાવંત, મંત્રીઓ મૌવિન ગોડિન્હો, મિલિંદ નાઈક, નીલેશ કૈબરલ અને પૂર્વ ધારાસભ્ય કિરણ કંડોલકર સહિત ભાજપના ધારાસભ્યોએ તેમનું સ્વાગત કર્યું હતું. મુખ્યમંત્રી કાર્યાલયના સૂત્રોએ જણાવ્યું છે કે પર્રિકરે વર્તમાન પ્રવૃતિઓ અને પ્રમોશન તેમજ સ્થાનાંતરણ જેવા અન્ય બાબતોની સમીક્ષા માટે કાર્મિક વિભાગના અધિકારીઓ સાથે બેઠક કરી હતી. તેમણે જણાવ્યું કે પર્રિકરે તેમના ઓફિસના કર્મચારીઓ સાથે મુલાકાત પણ કરી.

દિલ્હી એમ્સમાંથી ઓક્ટોબરમાં પરત આવ્યા પછી મુખ્યમંત્રી પ્રથમ વખત ગત મહિને જાહેરમાં જોવા મળ્યા હતા.

# બ્રિટનના સૌથી બુધ્ધિશાળી લોકોમાં આઠ વર્ષના ભારતીય મૂળના બાળકને સ્થાન

લંડન,તા.૧

ભારતીય મૂળનો ૮ વર્ષનો બાળક આરવ અજય કુમાર ૧૫૨નના આઈ ક્યુ સાથે બ્રિટનના સૌથી બુધ્ધિશાળી લોકોમાં સ્થાન પામ્યો છે.

આ પહેલા ચાર વર્ષની વયે તેણે આઈક્યુ ટેસ્ટ આપીને બ્રિટનમાં તહેલકો મચાવ્યો હતો.લિસ્ટરમાં રહેતો આરવ તેના માતા પિતા સાથે ૨૦૦૯માં મુંબઈથી બ્રિટન રહેવા આવ્યો હતો.તેને મેથેમેટિકલ એસોસિએશન તરફથી યોજાયેલા લોજિકલ રિઝનિંગ ટેસ્ટમાં પણ ગોલ્ડ મેડલ મળ્યો હતો.તે ૨ વર્ષની વયથી ૧૦૦૦ સુધી ગણતરી કરી શકતો હતો.

એક અંગ્રેજી અખબાર સાથેની વાતચીતમાં તેણે કહ્યુ હતુ કે મને ગણિત પસંદ છે.કારણકે તેમાં એક જ સાચો જવાબ હોય છે.જયારે આઈ ક્યુ ટેસ્ટના પરિણામ જાહેર થયા ત્યારે હું મારી સફળતાથી આશ્ચર્યચકિત હતો.

ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda,
Sector - 21, Gandhinagar, Ph.232 48225
તમામ ક્રેડીટ / ડેબીટ કાર્ડ આવકાર્ય

# બેસણું



અમારા પિતાશ્રી **રમેશભાઈ ડાહ્યાભાઈ પટેલ** (ઓડ-આણંદ) (નિવૃત્ત ખાસ સચિવશ્રી, માર્ગ અને મકાન વિભાગ, ગુજરાત રાજય) તા. ૩૧/૧૨/૨૦૧૮, સોમવારના રોજ દેવલોક પામેલ છે. પ્રભુ તેમના આત્માને શાંતિ અર્પે તેવી અભ્યર્થના. **સદ્દગતનું બેસણું તા. ૩/૧/૨૦૧૯, ગુરૂવારના રોજ સાંજે ૪થી ૭ કલાકે** નીચેના સ્થળે રાખેલ છે.

**સ્થળ : શ્રી ઉમીયા માતાજી સંસ્થાન હોલ, સેક્ટર-૧૨, ગાંધીનગર**

**ડો. પંકજ રમેશભાઈ પટેલ**
(ડીન - NHL મેડીકલ કોલેજ)

**દિપક રમેશભાઈ પટેલ**
(પૂર્વ પ્રમુખ, લાયન્સ કલબ)

**વિપુલ રમેશભાઈ પટેલ**
(ડાયરેક્ટર, ગાંધીનગર નાગરિક બેંક)

**પલ્લવી અનિલકુમાર પટેલ**
**ડો. ડોલી પંકજભાઈ પટેલ**
(ડીન - AMC ડેન્ટલ કોલેજ)

**જ્યોતિ જયેશકુમાર પટેલ**
**ભાવના દિપકભાઈ પટેલ**
**જીજ્ઞા વિપુલભાઈ પટેલ**